सत्यमेव जयते

**ધનસુરાનાં મહેરબાન જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ,મુ.ધનસુરા.**

| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૦૭/૦૮/૨૦૨૪ | | |
| દાખલ તારીખ | ૦૭/૦૮/૨૦૨૪ | | |
| ફેસલ તારીખ | ૨૪/૦૩/૨૦૨૬ | | |
| | વર્ષ | મહીના | દીવસ |
| | | | |

**ફોજદારી કેસ નંબર– ૬૮૪/૨૦૨૪**
**આંક:–**

**ગુજરાત રાજય (શ્રી સરકાર)**

**વિરુઘ્ધ**

**(૧) દાઉદભાઈ સુલેમાનભાઈ કુશ્કીવાલા**
**રહે. ઘાસવાળા કસબા મોડાસા તા. મોડાસા જી. અરવલ્લી.**

**આરોપ :–** ભારતીય ફોજદારી ધારાની કલમ– ૨૭૯,૩૦૪(અ)
તથા મો. વિ. એકટની કલમ– ૧૭૭,૧૮૪,૧૩૪(બી), મુજબ

**ફરીયાદ પક્ષે:– વિ.એપીપીશ્રી.ડી.ડી.પટેલ.**
**બચાવપક્ષે :– વિ.વ.શ્રી.પી.કે.ભરવાડ**

**::–ચુકાદો–::**

**(૧) કેસની ટૂંકી હકીકત :–**

ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત જોઈએ તો, ફરિયાદી અરજણભાઈ દેવાભાઈ ભરવાડઓએ, તા. ૧૧/૦૩/૨૦૨૦ ના રોજ એ મતલબની ફરીયાદ હકીકત જાહેર કરેલ કે, આ કામના આરોપીએ તા.૧૦/૦૩/૨૦૨૦ના રોજ ક.૨૧/૦૦વાગે મોજે બોરવાઈ ગામની સીમમાં પોતાના કબજાની ટ્રક ગાડી નંબર: જી.જે.૦૯.ઝેડ.૧૭૨૦ ની બેદરકારી અને ગફલતભરી રીતે પુરઝડપે ચાલાવી લાવી રોડ ઉપર ઈન્દુભાઈ ઉર્ફે બકાભાઈ દેવભાઈ ભરવાડ ઉવ.૩૮ નાઓ પોતાના કબજાની મો.સા.નંબર જી.જે.૩૧.એફ.૫૧૩૨ ને ટકકર મારતા સાહેદને નીચે પાડી સાહેદ ને માથામાં તથા શરીરે ગંભીર ઈજાઓ પહોચાડી સાહેદ નુ સારવાર દરમ્યાનમાં મોત નિપજાવી પોતાના કબજાની ટ્રક ગાડી લઈ સ્થળ ઉપર થી નાસી જઈ ગુન્હો કરેલ. જે બનાવ અંગે ફરીયાદ આપેલ. જેના અનુસંધાને ધનસુરા પોલીસ સ્ટેશન ગુ.ર.નં– ૧૧૧૮૮૦૦૪૨૦૦૦૯૨/૨૦૨૦ થી ગુન્હો રજીસ્ટર થયેલ અને તપાસના અંતે તપાસ કરનાર અમલદાર દ્વારા હાલના આરોપી વિરૂધ્ધ ઉપરોકત નં બરથી અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

**(૨) ન્યાયિક કાર્યવાહી :–**

આરોપી સામે ચાર્જશીટ રજૂ થતાં આરોપી સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ ધોરણસર બજી જતાં જેનાં અનુસંધાને આરોપી અત્રેની અદાલતમાં ઉપસ્થિત થયેલ. ત્યારબાદ આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ ચાર્જશીટ તથા તમામ પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ આરોપીનું આંક–૦૬ થી નિવેદન લેવામાં આવતાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલ. ત્યારબાદ ફરિયાદ પક્ષનો પુરાવો લેવામાં આવેલ.

(૩) આ કામે ફરિયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

## -: મૌખિક પુરાવો :-

| અનુ.નં. | વિગત | પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | અરજણભાઈ દેવાભાઈ ભરવાડ | ફરીયાદી | ૧૧ |
| ૨ | સિંધાભાઈ બાબુભાઈ ભરવાડ | પંચ–સાહેદ | ૦૭ |
| ૩ | હઠાભાઈ મેપાભાઈ ભરવાડ | પંચ–સાહેદ | ૦૯ |
| ૪ | વિરમભાઈ દેવાભાઈ ભરવાડ | સાહેદ | ૧૩ |
| ૫ | ભગાભાઈ પબાભાઈ ભરવાડ | સાહેદ | ૧૪ |
| ૬ | હરજીભાઈ કરશનભાઈ ભરવાડ | સાહેદ | ૧૫ |
| ૭ | રાજદીપસિંહ જીતસિંહ બ.નં–૩૯૦ | સાહેદ | ૨૩ |

## -: દસ્તાવેજી પુરાવો :-

| **અનુ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૨ |
| ૨ | ઈન્કવેસ્ટ પંચનામું | ૦૮ |
| ૩ | અકસ્માત કરનાર ટ્રકનુ પંચનામું | ૧૬ |
| ૪ | ગુનાવાળી જગ્યાનુ પંચનામું | ૧૭ |
| ૫ | બન્ને વાહનોના અકસ્માતના રિપોર્ટ ફોર્મ | ૧૮,૧૯ |
| ૬ | પી.એમ.નોટ | ૨૦ |
| ૭ | સુચિપત્ર | ૨૨ |

**(૪)** ત્યારબાદ આ કામે ફરિયાદ પક્ષ ના વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતી કરતા ફરિયાદપક્ષ નો પુરાવો પૂર્ણ થયાનું જાહેર કરવામાં આવેલ. તમામ પુરાવાના અંતે આરોપીનું ક્રિ.પ્રો. કોડ કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપીએ અમો નીર્દોષ છીએ ખોટી રીતે અટક કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે. તેવી હકીકત જણાવેલ છે. તેમજ બચાવ પક્ષે અન્ય કોઈ સાહેદ તપાસવામા માંગતા ના હોવાનુ જણાવેલ છે.

<u>(૫)</u> ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી ડી.ડી.પટેલની મૌખિક દલીલો સાંભળી અને આરોપી તરફે વિ.વકીલશ્રી પી.કે.ભરવાડ ની મૌખિક દલીલો સાંભળી.

**<u>–::મુદાઓ::–</u>**

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૧૧/૦૩/૨૦૨૦ ના રોજ એ મતલબની ફરીયાદ હકીકત જાહેર કરેલ કે, આ કામના આરોપીએ તા.૧૦/૦૩/૨૦૨૦ના રોજ ક.૨૧ /૦૦વાગે મોજે બોરવાઇ ગામની સીમમાં પોતાના કબજાની ટ્રક ગાડી નંબર: જી.જે.૦૯.ઝેડ.૧૭૨૦ ની બેદરકારી અને ગફલતભરી રીતે પુરઝડપે ચાલાવી લાવી રોડ ઉપર ઈન્દુભાઈ ઉર્ફે બકાભાઇ દેવભાઇ ભરવાડ ઉવ.૩૮ નાઓ પોતાના કબજાની મો.સા.નંબર જી.જે.૩૧.એફ.૫૧૩૨ ને ટકકર મારતા સાહેદને નીચે પાડી સાહેદ ને માથામાં તથા શરીરે ગંભીર ઈજાઓ પહોચાડી સાહેદ નુ સારવાર દરમ્યાનમાં મોત નિપજાવી પોતાના કબજાની ટ્રક ગાડી લઈ સ્થળ ઉપર થી નાસી જઈ ગુન્હો કરેલ, **ભારતીય ફોજદારી ધારાની કલમ– ૨૭૯,૩૦૪(અ), તથા મો. વિ. એકટની કલમ– ૧૭૭,૧૮૪,૧૩૪(બી),** મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે? |
| (૨) | શું હુકમ ? |

<u>(૬)</u> ઉપરોકત મુદાઓના પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | **નકારમાં.** |
| (૨) | આખરી હુકમ મુજબ |

**<u>–::કારણો::–</u>**

**<u>મુદા નંબર :– ૧</u>**

**<u>મુદ્દાનંબર–૧ અંગે</u> :–**

(૭) મુદ્દા નં.૧ અન્વયે પુરાવાની ચર્ચા કરીએ તો આ કામે આરોપી સામે ભારતીય દંડ સહિતાની કલમ–ભારતીય ફોજદારી ધારાની કલમ– ૨૭૯,૩૦૪(અ), મો. વિ. એકટની કલમ– ૧૭૭,૧૮૪,૧૩૪(બી), મુજબના ગુન્હાનો આક્ષેપ છે. જે જોતા સામાન્ય રીતે ફોજદારી કાયદાની પ્રસ્થાપીત સીધ્ધાતોને ધ્યાને લેતા ફરીયાદીને તેઓનો કેસ BEYOND RESONABLE DOUBT તે એટલે કે વાજબી શંકાથી પર સાબીત કરવાની હોય છે. અને જો તે સંજોગોમાં ફરીયાદી તેઓનો કેસ પુરવાર કરવામાં નીષ્ફળ જાય તો તેવા સંજોગોમા શંકાનો લાભ આરોપીને મળવા પાત્ર છે તે લક્ષમાં લેવુ જોઈએ. હાલના કામે કેસની હકીકત અને સંજોગો તેમજ ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો લક્ષમાં લઈ આરોપી વિરુધ્ધ ઉપરોકત તહોમતનામાંમા જણાવેલ ગુન્હાના તત્ત્વો પૈકીનું કોઈ તત્ત્વ પુરવાર થાય છે કે કેમ ? તે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરીને આ કેસનો નિર્ણય કરવાનો રહે છે.

(૮) ફરિયાદ પક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા આ કામે આંક–૧૧ થી સાહેદ ફરીયાદી અરજણભાઈ દેવાભાઈ ભરવાડની જુબાની થયેલ છે.મે ધોરણ–૯ સુધીનો અભ્યાસ કરેલ છે.અમો ચાર ભાઈ અને ૨ બહેનો એમ કુલ–૬ ભાઈ બહેન છીએ.મારા સૌથી નાના ભાઈનુ નામ ઈન્દુભાઈ ઉર્ફે બકાભાઈ હતુ જેઓ અકસ્માતથી અવસાન પામેલ છે.ફરીયદા વાળો બનાવ આજથી આશરે ૪ થી ૫ વરસ અગાઉ ધુળેટીના તહેવારના દિવસે રાત્રીના આશરે ૮.૩૦ વાગ્યાની આસપાસ બનેલ.બનાવ બન્યો તે સમયે હુ મારા ઘરે હતો.બનાવના દિવસે મારા નાનાભાઈ ઈન્દુભાઈને બહારગામ જવાનુ હોય સવારના તેમની પેશન પ્રો–મો.સા.જેનો નંબર મને ખબર નથી તે લઈને નિકળેલા.દિવસ દરમ્યાન હુ ઘરે હતો.રાત્રીના આશરે ૯.૩૦ વાગે હુ ઘરે બેસેલો હતો તે દરમ્યાન મારા દિકરા મનોજભાઈએ મને વાત કરેલ કે '' મારા મોબાઈલમાં વોટસઅપ ઉપર ઈન્દુકાકાના ફોટા ફરતા થયા છે અને તેઓને ધનસુરા નજીક અકસ્માત થયેલ છે''. બનાવની જાણ થતા હુ તથા મારા બીજા ભાઈઓ વિગેરે તાત્કાલીક ઘરેથી નિકળી બનાવ સ્થળે આવેલ.બનાવસ્થળ

ધનસુરાથી વડાગામ જતા રોડ ઉપર બોરવાઈ ગામના બસ સ્ટેન્ડ નજીક આવેલ હતુ.બનાવ સ્થળે જઈને જોતા મારા ભાઈની મો.સા.અકસ્માત થયેલ હાલતમાં પડેલ હતી, તથા એક ટ્રક,રોડ ઉપર લોહીના ડાઘા જોવા મળેલ અને વાહનના સ્પેરપાર્ટ તુટેલા નીચે પડેલા હતા.આ ટ્રકનો નંબર મને ખબર નથી.મારા ભાઈને ૧૦૮ મારફતે ધનસુરા દવાખાને લાવવામાં આવેલ.સ્થળ ઉપર હાજર માણસોથી જાણવા મળેલ કે ઈન્દુભાઈ મો.સા.લઈ વડાગામથી ધનસુરા તરફ આવતા હતા ત્યારે ટ્રક થી અકસ્માત થયેલ છે.મારા ભાઈ અકસ્માતથી થયેલ ઈજાઓના કારણે અવસાન પામેલ છે.બનાવ અંગેની મે ફરીયાદ આપેલી મને આજરોજ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં ફરીયાદી તરીકે ની સહી મારી છે જે જોઈ ઓળખી બતાવુ છુ જે રજુ દા.આં.૧૨ આપવામાં આવે છે.ફરીયાદ આપ્યા બાદ પોલીસે મારૂ વધારાનુ નિવેદન લીધેલુ.અકસ્માત કરનાર ટ્રકના નંબર બાબતે પાછળથી પણ મને કંઈ જાણવા મળેલ નથી.અકસ્માત કરનાર ટ્રકના અકસ્માત સમયે ડ્રાઈવર કોણ હતા તેની મને ખબર નથી ત્યાર બાદ બચાવ પક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા સાહેદ કબુલ રાખેલ છે કે , એ વાત ખરી છે કે, કહેવાતા અકસ્માત સમયે હુ ઘરે હતો જેથી અકસ્માત બાબતે મને કોઈ જાત માહીતી નથી તથા અંધારાનો સમય હતો રોડ હાઈવે હતો ઘણાબધા વાહનોની અવરજવર હોય છે બનાવની જાણ થતા હુ દવાખાને ગયો હતો.

(૯) વધુમાં ફરીયાદ પક્ષે પંચ સાહેદ સિંઘાભાઈ બાબુભાઈ ભરવાડને આંક:૦૭ થી તથા હઠાભાઈ મેપાભાઈ ભરવાડ આંક-૦૯ થી ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે પંચનામામાં સહી કરાવેલ. પોલીસ સાથે કોઈ જગ્યાએ પંચ તરીકે ગયેલ નથી. સહી કરેલ તે લખાણ વાંચેલ નહી કે પોલીસે વાંચી સંભાળેલ નહી. તેમ જણાવી પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે. આમ સદર પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી. ત્યાર બાદ બચાવ પક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા સાહેદ કબુલ રાખેલ છે કે , બનાવ તૈયાર પંચનામામા સહી કર્યા સીવાય બીજી કોઈ હકીકત તેઓ

જાણતા નથી આમ પંચ સાહેદોની જુબાનીનુ પુરાવાકીય મુલ્યાકન કરવામા આવે સદર સાહેદોનીની જુબાનીથી ફરીયાદ હકીકતને સમર્થન કારી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

(૧૦) ફરિયાદ પક્ષે આ કામે આંક–૧૩ થી સાહેદ વિરમભાઈ દેવાભાઈ ભરવાડ ની જુબાની થયેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, મે ધોરણ –૭ સુધીનો અભ્યાસ કરેલ છે.ફરીયાદી અરજણભાઈ મારા મોટા ભાઈ છે.અમો ચાર ભાઈ અને ૨ બહેનો એમ કુલ–૬ ભાઈ બહેન છીએ.મારા સૌથી નાના ભાઈનુ નામ ઈન્દુભાઈ ઉર્ફે બકાભાઈ હતુ જેઓ અકસ્માતથી અવસાન પામેલ છે.ફરીયદા વાળો બનાવ આજથી આશરે ૫ વરસ અગાઉ હોળી–ધુળેટીના તહેવારના દિવસે રાત્રીના આશરે ૮.૩૦ વાગ્યાની આસપાસ બનેલ.બનાવ બન્યો તે સમયે હુ મારા ઘરે હતો.બનાવના દિવસે મારા નાનાભાઈ ઈન્દુભાઈને બહારગામ જવાનુ હોય સવારના તેમની પેશન પ્રો–મો.સા.જેનો નંબર મને ખબર નથી તે લઈને નિકળેલા.દિવસ દરમ્યાન હુ ઘરે હતો.રાત્રીના આશરે ૯.૦૦ વાગે હુ ઘરે હતો તે દરમ્યાન વાતોવાતો થી જાણવા મળેલ કે '' મોબાઈલમાં વોટસઅપ ઉપર ઈન્દુકાકાના ફોટા ફરતા થયા છે અને તેઓને ધનસુરા નજીક અકસ્માત થયેલ છે''.બનાવની જાણ થતા હુ તથા મારા બીજા ભાઈઓ વિગેરે તાત્કાલીક ઘરેથી નિકળી ધનસુરા સરકારી દવાખાને આવેલ.દવાખાને આવી જોતા મારા નાનાભાઈ ઈન્દુભાઈને શરીરે વાગેલ હતુ અને તેઓ અવસાન પામેલ હતા.બનાવ સ્થળે હુ ગયેલ નથી.મને જાણવા મળેલ કે મારા ભાઈ મો.સા.લઈને આવતા હતા ત્યારે બોરવાઈ ગામ પાસે ટ્રકથી અકસ્માત થયેલ છે.અકસ્માત કરનાર ટ્રકનો નંબર,ટ્રક કઈ કં પનીનો હતો,ટ્રકના ડ્રાઈવર કોણ હતા તે બાબતે હુ કંઈ જાણતો નથી.પાછળથી પણ મને અકસ્માત કરનાર ટ્રકના નંબર બાબતે કંઈ જાણવા મળેલ નથી.પોલીસે મારૂ પુછપરછ કરી ૨ વાર જવાબ લીધેલો.મે પોલીસને અકસ્માત કરનાર ટ્રકના નંબર બાબતે કંઈ લખાવેલ નથી.ત્યાર બાદ બચાવ પક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા સાહેદ

કબુલ રાખેલ છે કે , કહેવાતા અકસ્માત સમયે હુ ઘરે હતો જેથી અકસ્માત બાબતે મને કોઈ જાત માહીતી નથી તથા અંધારાનો સમય હતો રોડ હાઈવે હતો ઘણાબધા વાહનોની અવરજવર હોય છે બનાવની જાણ થતા હુ દવાખાને ગયો હતો આમ સાહેદની જુબાનીનુ પુરાવાકીય મુલ્યાકન કરવામા આવે સદર સાહેદોનીની જુબાનીથી ફરીયાદ હકીકતને સમર્થન કારી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

**(૧૧)** વધુમાં ફરીયાદ પક્ષે સાહેદ ભગાભાઈ પબાભાઈ ભરવાડને આંક:૧૪ થી ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, મે ધોરણ–૫ સુધીનો અભ્યાસ કરેલ છે.ફરીયાદી અરજણભાઈ મારા કુટુંબી ભાઈ છે.ફરીયદા વાળો બનાવ આજથી આશરે ૫ વરસ અગાઉ હોળી–ધુળેટીના તહેવારના દિવસે રાત્રીના આશરે ૮.૩૦ વાગ્યાની આસપાસ બનેલ.બનાવ બન્યો તે સમયે હુ મારા ઘરે હતો. રાત્રીના ૯.૦૦ વાગે હુ ઘરે હતો તે દરમ્યાન વાતોવાતો થી જાણવા મળેલ કે અમારા કટુંબી ઈન્દુભાઈને ધનસુરા પાસે અકસ્માત થયેલ છે અને તે અવસાન પામેલ છે.બનાવની જાણ થતા હુ તથા ફરીયાદી અરજણભાઈ વિગેરે તાત્કાલીક ઘરેથી નિકળી ધનસુરા સરકારી દવાખાને આવેલ.દવાખાને આવી જોતા ઈન્દુભાઈને શરીરે વાગેલ હતુ અને તેઓ અવસાન પામેલ હતા.બનાવ સ્થળે હુ ગયેલ નથી.મને જાણવા મળેલ કે ઈન્દુભાઈ મો.સા.લઈને આવતા હતા ત્યારે બોરવાઈ ગામ પાસ ે ટ્રકથી અકસ્માત થયેલ છે અને ટ્રક ચાલક ટ્રક મુકી ભાગી ગયેલ છે..અકસ્માત કરનાર ટ્રકનો નંબર,ટ્રક કઈ કંપનીનો હતો,ટ્રકના ડ્રાઈવર કોણ હતા તે બાબતે હુ કંઈ જાણતો નથી.પાછળથી પણ મને અકસ્માત કરનાર ટ્રકના નંબર બાબતે કંઈ જાણવા મળેલ નથી.પોલીસે મારૂ પુછપરછ કરી બે વાર જવાબ લીધેલો.મે પોલીસને અકસ્માત કરનાર ટ્રકના નંબર બાબતે કંઈ લખાવેલ નથી.ત્યાર બાદ બચાવ પક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા સાહેદ કબુલ રાખેલ છે કે , કહેવાતા અકસ્માત સમયે હુ ઘરે હતો જેથી અકસ્માત બાબતે મને કોઈ જાત માહીતી નથી તથા અંધારાનો સમય હતો રોડ હાઈવે હતો ઘણાબધા વાહનોની અવરજવર હોય છે બનાવની જાણ થતા હુ દવાખાને ગયો હતો

આમ સાહેદની જુબાનીનુ પુરાવાકીય મુલ્યાકન કરવામા આવે સદર સાહેદોનીની જુબાનીથી ફરીયાદ હકીકતને સમર્થન કારી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

**(૧૨)** વધુમાં ફરીયાદ પક્ષે સાહેદ હરજીભાઈ કરશનભાઈ ભરવાડને આંક:૧૫ થી ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, મે ધોરણ–૧૦ સુધીનો અભ્યાસ કરેલ છે.ફરીયાદી અરજણભાઈ મારા કુટુંબી ભાઈ છે.ફરીયાદ વાળો બનાવ આજથી આશરે ૪–૫ વરસ અગાઉ હોળી–ધુળેટીના તહેવારના દિવસે રાત્રીના આશરે ૮.૩૦ વાગ્યાની આસપાસ બનેલ.બનાવ બન્યો તે સમયે હુ મારા ઘરે હતો. રાત્રીના ૯.૦૦ વાગે હુ ઘરે હતો તે દરમ્યાન વાતોવાતો થી જાણવા મળેલ કે મારા કટુંબી ઈન્દુભાઈને ધનસુરા પાસે અકસ્માત થયેલ છે અને તે અવસાન પામેલ છે.બનાવની જાણ થતા હુ તથા ફરીયાદી અરજણભાઈ વિગેરે તાત્કાલીક ઘરેથી નિકળી ધનસુરા સરકારી દવાખાને આવેલ.દવાખાને આવી જોતા ઈન્દુભાઈને શરીરે વાગેલ હતુ અને તેઓ અવસાન પામેલ હતા.બનાવ સ્થળે હુ ગયેલ નથી.મને જાણવા મળેલ કે ઈન્દુભાઈ મો.સા.લઈને આવતા હતા ત્યારે બોરવાઈ ગામ પાસે ટ્રકથી અકસ્માત થયેલ છે અને ટ્રક ચાલક ટ્રક મુકી ભાગી ગયેલ છે. અકસ્માત કરનાર ટ્રકનો નંબર,ટ્રક કઈ કંપનીનો હતો,ટ્રકના ડ્રાઈવર કોણ હતા તે બાબતે હુ કંઈ જાણતો નથી.પાછળથી પણ મને અકસ્માત કરનાર ટ્રકના નંબર બાબતે કંઈ જાણવા મળેલ નથી.પોલીસે મારૂ પુછપરછ કરી બે વાર જવાબ લીધેલો.મે પોલીસને અકસ્માત કરનાર ટ્રકના નંબર બાબતે કંઈ લખાવેલ નથી.ત્યાર બાદ બચાવ પક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા સાહેદ કબુલ રાખેલ છે કે , કહેવાતા અકસ્માત સમયે હુ ઘરે હતો જેથી અકસ્માત બાબતે મને કોઈ જાત માહીતી નથી તથા અંધારાનો સમય હતો રોડ હાઈવે હતો ઘણાબધા વાહનોની અવરજવર હોય છે બનાવની જાણ થતા હુ દવાખાને ગયો હતો આમ સાહેદની જુબાનીનુ પુરાવાકીય મુલ્યાકન કરવામા આવે સદર સાહેદોનીની જુબાનીથી ફરીયાદ હકીકતને સમર્થન કારી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

**(૧૩)** ફરિયાદ પક્ષે તપાસ કરનાર અમલદાર રાજદીપસીહ જીતસીહ બ.નં– ૩૯૦

આ કામે આંક–૨૩ થી  જુબાની થયેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, હુ સને –૨૦૨૦ ના વરસમાં ધનરુસા પો.સ્ટેમાં અ.હે.કો તરીકે ફરજ બજાવતો હતો.તા.૧૧–૩–૨૦૨૦ ના રોજ ફરિયાદી અરજણભાઇ દેવાભાઇ ભરવાડનાઓ ધ્વારા ધનસુરા પોલિસ સ્ટેશને અકસ્માત અંગેની ફરિયાદ આપતા પી.એસ.ઓ એ.એસ.આઇ હસમુખભાઇ ધ્વારા ગુનો રજી.કરી સુચીપત્ર તૈયાર કરેલ.મને સુચીપત્ર બતાવવામાં આવે છે જે  આ ગુનાના કામનુ છે જેમાં  પી.એસ.ઓ એ.એસ.આઇ હસમુખભાઇની સહી છે જે જોઇને ઓળખી બતાવુ છુ જે રજુ દા.આં.૨૨ આપવામાં આવે છે.આ ગુનાની શરૂઆતની તપાસ ઇન્ જા.પોલીસ ઇન્સપેકટર શ્રી એફ.એલ.રાઠોડનાઓએ સંભાળેલ.તેઓએ ધનસુરા સી.એચ.સી.માં જઇ અકસ્માતમાં અવસાન પામનાર ઇન્દુભાઇની લાશનુ ઇન્કવેસ્ટ પંચનામુ કરેલુ તથા ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ.આ ગુનાની તપાસ મને સોંપતા મે અકસ્માત માં સંડોવાયેલ ટ્રક ગાડી નં.જી.જે.૯.ઝેડ.૧૭૨૦ દાઉદભાઇનાઓને ધનસુરા પોલીસ સ્ટેશને લાવી રજુ કરતા પંચોની હાજરીમાં પંચનામુ કરેલ.મને આંક–૧૬ નુપંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચોની સહીઓ તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે જોઇને હું ઓળખી બતાવુ છુ.મે સાહેદોના નિવેદનો લીધેલા,અકસ્માતમાં સંડોવાયેલ વાહનોના આર.ટી.ઓ.અરવલ્લી મારફતે તપાસ કરાવી રીપોર્ટ મેળવેલ,અકસ્માતમાં અવસાન પામનાર ઇન્દુભાઇની પી.એમ.નોટ મેળવેલ.મારી તપાસમાં આ કામના આરોપી દાઉદભાઇ સુલેમાનભાઇ કુશ્કીવાલાનાઓએ પોતાના કબજાની ગાડીનંબર.જી.જે.૦૯.ઝેડ.૧૭૨૦ ની પુરઝડપે અને બેદરકારીથી બોરવાઇ ગામની સીમમાં ચલાવી લાવી મો.સા.નં.જી.જે.૩૧.એફ.૫૧૩૨ ને ટકકર મારી મો.સા.ચાલકને ઇજાઓ પહોચાડી મોત નિપજાવેલના પુરાવા મળી આવેલા.મે આરોપીને અટક કરેલ.આરોપી વિરૂધ્ધ ફરિયાદ મુજબનો ગુનો કર્યા અંગેના પુરતા પુરાવા મળી આવતા મે નામ.કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ.આરોપીને જોયે ઓળખી શકુ જે આજરોજ નામ.કોર્ટમાં હાજર છે તે જ છે.ત્યાર બાદ બચાવ પક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા સાહેદ કબુલ રાખેલ છે કે , એ વાત ખરી છે કે ફરિયાદીના ઘરના સગા સબંધીઓ સિવાયના કોઇ સ્વતત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી.એ વાત ખરી નથી કે આરોપી વિરૈૂધ્ધ પુરતા પુરાવા ના હોવા છતા સારી કામગીરી બતાવવા આરોપીની અટક કરી નામ.કોર્ટમાં ખોટુ ચાર્જશીટ કરેલ છે.

વધુમાં આરોપીના વિ.વકીલશ્રીએ આંકે પાડી પુરાવામાં વંચાણે લેવા સારુ , આંક–

૨૦ થી પીએમ.નોટ તથા આંક– ૧૮ અને આંક–૧૯થી એકસીડેન્ટ રીપોર્ટ રજુ કરેલ છે પરંતુ રજુ થયેલ દસ્તાવેજો પુરવાર થયેલ માની શકાય નહી. આમ, ફરીયાદી તથા ભોગ બનનાર સાહેદો તથા અન્ય સાહેદોના પુરાવા જોતાં તેઓ ફરીયાદ પક્ષને લેશમાત્ર પણ સમર્થનકારી પુરાવા આપતા ન હોઈ ઉપરોકત રજુ થયેલ દસ્તાવેજી પુરાવાનુ કોઈ મૂલ્ય રહેતુ નથી

**(૧૪)** આમ, ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલ તમામ સાહેદોએ આપેલ મૌખિક પુરાવો તેમજ રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓનું મૂલ્યાંકન કરવામાં આવે તો આ કામે બનાવ સમયે આરોપી ગફલતભરી રીતે અને બેદરકારીથી વાહન હંકારી લાવી ઈન્દુભાઈ ઉર્ફે બકાભાઈ દેવાભાઈ ભરવાડ ની મોટરસાયકલને સામેથી ટકકર મારી માથામા તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નીપજાવેલ હોવાની હકીકત છે. પરંતુ તમામ સાહેદો એ બનાવ સમયે અકસ્માત કરનાર આરોપીને જોયેલ ન હોવાનું જણાવેલ છે., ફરિયાદ પક્ષની હકીકતોને સમર્થન કરેલ નથી. આ કામે તપાસવામા આવેલ સ્વતંત્ર સાહેદોની જુબાનીમાં તેઓ બનાવ અંગે કંઈપણ જાણતા નથી તેમજ બનાવ સમયે ટ્રક નો નંબર અને ટ્રક ગાડી કોણ ચલાવતુ હતુ તેની તેમને ખબર નથી. આમ, સાહેદોની જુબાનીથી ફરીયાદ પક્ષના કેસને સમર્થન મળતુ નથી.આમ, આ કામે સાહેદોએ પોતાની જુબાનીમા જે હકીકતો જણાવતા હોઈ, અકસ્માત માટે આ કામના આરોપી જ કોઈ ગુનાહિત રીતે જવાબદાર હોય તેવુ ફરીયાદ પક્ષ તર્ફે રજુ થયેલા પુરાવાથી નિ:શંકપણે માની શકાય તેમ નથી. જેથી આ કામે એકમાત્ર ત.ક. અમલદારની જુબાની ઉપર આધાર રાખવાનું ન્યાયોચિત જણાતું નથી. આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ સાહેદોના મૌખિક પુરાવાના આધારે આરોપીને ગુન્હામાં સંડોવી શકાય તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. સદર કામે આંક– ૨૦ થી રજુ પી.એમ.નોટ લક્ષ્યમાં લેતાં ઈન્દુભાઈ ઉર્ફે બકાભાઈ દેવભાઈ ભરવાડ નાઓને ઈજા થયેલી તથા તેઓ મરણ ગયેલ હોવાની હકીકત જણાય છે પરંતુ તેઓને થયેલી ઈજા માટે હાલનો આરોપી જવાબદાર હોવાનો કોઈ પુરાવો ફરીયાદ પક્ષ સાબીત કરી શકેલ

નથી. જયારે ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરિયાદી પક્ષના સાહેદોએ તેમના પુરાવામાં અકસ્માત કરનાર વાહનના ચાલકને જોયેલ નહીં હોવાની હકીકત જણાવેલ છે અને અકસ્માત કરનાર વાહનચાલકને જોઈ શકેલ નથી. તેવા સંજોગોમાં માત્ર પંચનામાઓ તથા મેડીકલ સર્ટી.ના આધારે આરોપીને ગુન્હામાં તકસીરવાર ઠરાવી શકાય નહિ.

**(૧૫)** આથી ઉપરોકત તમામ ચર્ચાઓ તથા સમગ્ર ફરિયાદ પક્ષના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો જયારે ફરિયાદ પક્ષના કેસ મુજબ આરોપી ધ્વારા પોતાના કબજાનું વાહન પુરઝડપે,બેફીકરાઈથી, ગફલતભરી રીતે, ચલાવીને ઈન્દુભાઈની મોટરસાયકલને સામેથી ટકકર મારતા સાહેદને નીચે પાડી સાહેદને માથામાં તથા શરીરે ગંભીર ઈજાઓ પહોચાડી સાહેદનુ સારવાર દરમ્યાનમાં મોત નિપજાવી પોતાના કબજાની ટ્રક ગાડી લઈ સ્થળ ઉપર થી નાસી જઈ અકસ્માત કરેલ હોવાનો આક્ષેપ છે તેમજ અકસ્માત કરનાર વાહનના ચાલકની ઓળખ થયેલ નથી, તે તમામ સંજોગોમાં રેકર્ડે ફરિયાદમાં આક્ષેપિત બનાવ તેમજ ફરિયાદની ચોકકસ અને તટસ્થ રીતે તપાસ થયેલ હોવાની હકીકત પણ શંકાસ્પદ જણાય છે. વધુમાં સમગ્ર પુરાવાથી એવુ સ્પષ્ટ થાય છે કે અકસ્માત બન્યો જેના કોઈપણ નજરે જોનાર સાહેદ નથી. જેથી બનાવ સમયે હાલના આરોપી વાહન ચલાવતા હતા તે પણ સ્પષ્ટ થતુ નથી.

**(૧૬) વધુમાં Section 279 in the india penal code :–**

Rash driving or riding on a public way – whoever drives any vehicle or rides on any public way in a manner so rash or negligent as endanger human life or to be likely to cause hurt or injury to any other person shall be punished with imprisonment of either description for a term which extend to six months or with fine which may extend to one thousand rupees or with both.

ફોજદારી કાર્યવાહીમા ન્યાયી નિર્ણય કરતી વખતે એ ધ્યાનમા રાખવુ ખાસ જરૂરી છે કે, આરોપી સામે આક્ષેપિત ઈ.પી.કો.કલમ–૨૭૯ નો ગુનો પુરવાર કરવા માટે ફરીયાદ

પક્ષે નીચે મુજબના તત્વો પુરવાર કરવાના રહે છે.

૧. અકસ્માત જાહેર માર્ગ પર બનેલ છે.

૨. આરોપી દ્રારા ચલાવવામા આવેલ વાહન એટલી બધી બેફામ અથવા ઉપેક્ષાયુકત હોવી જોઈએ કે જેથી મનુષ્યના જીવનને તે ભયમા મુકે અથવા તો કોઈ અન્ય વ્યકિતને ઈજા કે નુકશાન કરે તેવી શકયતા ઉપસ્થિત થાય

આમ કલમ–૨૭૯ ના આવશ્યક તત્વો ધ્યાને લેતા આરોપી પોતાના કબજાનુ વાહન ચાલવવામા બેદરકારી દાખવે અથવા બેફામપુર્વક હંકારે અને તે કૃત્ય અથવા કાર્યલોપથી રસ્તે જનાર મનુષ્યની જીદગી જોખમમા મુકાય અને આવા કૃત્ય અને કાર્યલોપથી અન્ય વ્યકિતને વ્યથા પહોચે કે મૃત્યુ થાય તે આરોપીને આવા કૃત્ય બદલ આરોપીએ કોઈ કૃત્ય અવિચારી અથવા બેદરકારી રીતે કર્યુ હોય અને કરાયેલ કૃત્ય જેનાથી માનવજીવન અથવા બીજાની અંગત સલામતી જોખમાઈ અથવા ઈજા ખરેખર કરાઈ હોય આવા કૃત્ય બદલ ઈ.પી.કો. કલમ–૨૭૯,૩૩૮, મુજબના ગુના માટે કસુરવાર ઠેરવી શકાય છે એ રીતે ઉપરોકત કાનુની જોગવાઈઓના હાર્દ અને તેના તત્તો તે લગત ઉચ્ચ અદાલતોના કાનુની ચુકાદાઓમા પ્રસ્થાપિત થયેલ કાનુની સિધ્ધાત ધ્યાને લઈ તેના હાર્દને જોતા એક બાબત નિર્વીવાદપણે સ્પષ્ટ બને છે કે માત્ર અકસ્માત સમયે આરોપી વાહન ચાલવતા હોય કે તે વાહન ઝડપમા ચાલતુ હોય તેટલી જ બાબત આરોપીએ પોતાનુ વાહન બેફામપુર્વક અને બેદરકારીપુર્વક હંકારી ગુનો કરેલ હોવાનુ પુરવાર કરવા માટે પુરતી નથી વધુમા મોટર એકસીડન્ટના કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ કરવા બદલ દોષિત ઠરાવવા માટેના જે ધોરણો છે તેમા સૌ પ્રથમ ફરીયાદ પક્ષે એમ પુરવાર કરવું જોઈએ કે આરોપી બનાવ સમયે અકસ્માત વાહનનું ડ્રાઈવીંગ કરતો હતો તથા સદર ડ્રાઈવીંગ બેદરકારીભર્યુ કે ગફલતભર્યુ કરતો હતો. માત્ર એરર ઓફ જજમેન્ટના આધાર પર ફોજદારી કે ક્રિમીનલ બેદરકારીભર્યુ ડ્રાઈવીંગની બાબતના પુરાવાના અભાવે આરોપીને ગફલતભર્યુ કે બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ બદલ દોષિત

ઠરાવી શકાય નહી. વધુમાં <u>નામદાર ઓરિસ્સા વડી અદાલતે 'બદ્રીપ્રસાદ તિવારી વિરૂધ્ધ સ્ટેટ'' ૧૯૯૪ ક્રિ.લો.જ. પેજ નં.૩૮૯</u> માં એમ ઠરાવેલ છે કે,

**(A) Penal Code (45 of 1860), S.279 - NEGLIGENCE - Rash and negligent driving - Offence under - Ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established – Mere carelessness or error of judgment, not sufficient - Accident resulting in death, failure of prosecution to prove rash and negligent driving of accused – Bare statement that vehicle was being driven in high speed, not sufficient – Accused entitled for acquittal.** વધુમાંતે ચૂકાદાના પેરા ૫ માં એમ ઠરાવેલ છે કે ''**Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgment. The essential ingredients of Section 279 are:**

**(i) Rash and negligent driving or riding on a public way.**

**(ii) The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person.**

To establish either of Sections 279 or 304-A rash and negligent has to be established, but only distinction is that in Section-279 rash and negligent act relates to the manner of driving or riding on a public way, while offence under Section 304-A extends to any rash and negligent act falling short of culpable homicide. As indicated above, rashness or negligence to be established must be more than an error of judgment. Distinction between rashness and negligence is that negligence connotes want of proper care, while rashness conveyes the idea of reckless doing of an act without consideration of any consequences.

**નામ.સવોચ્ચ અદાલતની કુલ બેન્ચે '' સ્ટેટ ઓફ હરીયાણા વિરુધ્ધ શેરસીંગ '' જે ૨૦૦૯ (૧) ક્રાઈમ્સ પાન નં.૫** ના ચુકાદામા એમ ઠરાવેલ છે કે '' when there was no specific material to show respondent was driving the vehicle at the time the accident took place and the evidence adduced to link the accused to the alleged crime was scanty conviction of respondent for causing death of deceased due to rash and negligent driving could not be sustained.

આ ઉપરાંત કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ઈ.પી. કોડ કલમ–૨૭૯ હેઠળનો ગુનો સાબીત કરવા ફરિયાદ પક્ષ તરફથી ચાલકની ઓળખ પ્રસ્થાપિત થવી અતિ મહત્વની છે. જે તે વ્યકિત અકસ્માત સમયે અકસ્માત કરનાર વાહન ચલાવી રહેલો

હતો અને તે બેદરકારીભરી રીતે ચલાવી રહયો હતો તેવું પ્રસ્થાપિત થવું જરૂરી છે. પ્રસ્તુત કેસમાં કોઈ સાહેદો સમક્ષ ઓળખપરેડ કરાવવામાં આવેલી હોવાનું રેકર્ડ ઉપર આવતું નથી. આમ, આવા તમામ સંજોગોમાં બનાવ સમયે અને સ્થળે કહેવાતા આરોપી જ કહેવાતા અકસ્માતનું સર્જન કરનાર વાહનના ચાલક હોવાનું કે વાહનની ગતિ અંગેની કે વાહનના ચાલકની બેદરકારી અંગેની કોઈ હકીકતો પુરાવાના અભાવે સ્વિકારી શકાય તેમ નથી.

આમ,ઉપરોકત ચર્ચા ધ્યાને લેતાં બાકી રજુ દસ્તાવેજી કાગળો જોવામાં આવે તો તે સારવારના સર્ટીફિકેટ તેમજ પંચનામા સરકાર પક્ષને મદદરુપ સમર્થન કરતો પુરાવો બનતો નથી. આ કામે તપાસેલ સાહેદોને જયારે વાહનના ડ્રાઈવર વિશે તેઓને કોઈ જ જાતમાહિતી નથી. આમ આ સાથે જયારે અકસ્માત કરનાર ડ્રાઈવર આરોપી જ હતો તેવુ પુરવાર થતુ નથી, જયારે આ કેસની ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ઓળખ સાબીત થતી નથી.જેથી આરોપીએ વાહનનો કબજો ધરાવી તેની બેદરકારીના કારણે અકસ્માત થયાનુ પુરવાર થતુ નથી. તેથી આરોપીને દોષીત માની શકાય નહી અને માત્ર અનુમાન કે ધારણાના આધારે બેદરકારી કે ઓળખ નકકી કરી શકાય નહી. જેથી, કાયદાની જોગવાઈઓ અનુસાર આરોપીને શંકાનો લાભ આપવો વ્યાજબી અને ન્યાયી જણાય છે.આથી, કહેવાતા આરોપીનું વાહન ચલાવવાનું કૃત્ય પુરઝડપે, બેફીકરાઈ થી, બેદરકારીપૂર્વકનું કે મનુષ્યની જીંદગી જોખમાય તે રીતેનું હતું તેવું પુરવાર થતું નથી. આવા તમામ સંજોગોમાં ફરિયાદ પક્ષ આરોપી સામેનો આક્ષેપીત ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા છે. જે સંજોગોમાં આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદા નં. ૧નો જવાબ નકારમાં આપી, મુદા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:–:–: આખરી હુકમ :–:–:**

(૧) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૧) અન્વયે સદર કામના આરોપી : દાઉદભાઈ સુલેમાનભાઈ કુશ્કીવાલા રહે. મોડાસા તા. અરવલ્લીને ભારતીય ફોજદારી સં હીતાની કલમ – ૨૭૯, ૩૦૪(અ), તથા મોટર વ્હીકલ એકટની કલમ ૧૭૭, ૧૮૪, ૧

૩૪(બી), મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામના આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ–૪૩૭ (એ) મુજબના રૂા.૧૫૦૦૦/– જામીન તથા જાતમુચરકા રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૨૪મી, માહે : માર્ચ , સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.ધનસુરા.<br>
તા. ૨૪/૦૩/૨૦૨૬

(કુ.સબા સૈયદ)<br>
જયુડીશીયલ.મેજી.ફર્સ્ટ.કલાસ.<br>
ધનસુરા. કોડ નં.જી.જે.૦૧૫૭૮